## પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો અંતરંગ આધ્યાત્મિક જીવન પરિચય

સૌરાષ્ટ્રના વઢવાણ નામના ગામમાં વિ. સં. ૧૯૭૦, શ્રાવણ વદ બીજને શુક્રવાર, (તા. ૭ ઓગસ્ટ, ૧૯૧૪) ના દિવસે પિતાશ્રી જેઠાભાઈ અને માતાશ્રી તેજબાના ઘરે એક શાંત મુખમુદ્રાધારી, ધીર-ગંભીર આત્મા આગમન કરે છે. પ્રશમરસના ઢાળામાં ઢળી ગયેલા આ આત્માને જોઈ સર્વના અંતરંગ શાંતરસથી તરબોળ થઈ જાય છે.

નાનપણથી જ તેમની પ્રકૃતિ સૌમ્ય, નરમ, સૌજન્યપૂર્ણ, શરમાળ, વૈરાગી અને મિતભાષી. સાડા ત્રણ વર્ષની ઉંમરે માતુશ્રીનો સ્વર્ગવાસ થવાથી દસ-અગિયાર વર્ષ કરાંચીમાં મોટાબેનને ત્યાં રહે છે. તેઓ બુદ્ધિશાળી હોવાથી શાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર રાખે છે. સદ્‌ગુણી વ્યક્તિઓ પ્રત્યે વિશેષ પ્રેમને કારણે સતીઓના ચારિત્ર વાંચવા ખુબ ગમે છે અને ઘરે રહીને ધાર્મિક અભ્યાસ, સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરે છે.

વિ. સં. ૧૯૮૫ માં વઢવાણમાં અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન-શ્રવણનો યોગ પ્રથમવાર બને છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર પુરુષાર્થપ્રેરક પ્રવચનો એકાગ્રચિત્તથી સાંભળતા અંતરંગ સંસ્કારો જાગૃત થવા લાગે છે અને આ પ્રવચનો પોતે સ્વહસ્તાક્ષરમાં ઉતારી લે છે. ભવભ્રમણનો અભાવ કરવાના ધ્યેય સાથે પરિણમતા આ આત્માને હવે કોઈની સાથે બોલવું પણ ગમતું નથી અને અંતરમાં સ્વરૂપની ખોજ શરૂ થાય છે. અંતે **વાંકાનેરમાં, વિક્રમ સંવત ૧૯૮૯, ફાગણ વદ દશમના બપોરે લગભગ ૩:૩૦ વાગે સ્વસ્વરૂપનું લક્ષ આવતાં જ્ઞાતાધારાની વૃદ્ધિ થાય છે અને ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.** સમકિત થતાં જેમના પ્રતાપથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ તેવા ગુરુદેવશ્રી કાનજીસ્વાવી પ્રત્યે અહોભાવ ઉછળી જાય છે.

વિ. સં. ૧૯૯૧ માં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સંપ્રદાય પરિવર્તન કરી સનાતન દિગંબર જૈનધર્મ અપનાવી સૌરાષ્ટ્રના સોનગઢમાં કાયમી વસવાટ કરે છે. તેથી પૂજ્ય બહેનશ્રી તથા અન્ય મુમુક્ષુઓ પણ ગુરુ-સત્સંગનો નિરંતર યોગ પ્રાપ્ત કરવા સોનગઢ આવી વસે છે.

પૂજ્ય બહેનશ્રીને દિન-પ્રતિદિન સ્વરૂપગ્રહણ શક્તિ વર્ધમાન થતી જાય છે. વિ. સં. ૧૯૯૩ ના ચૈત્ર વદ આઠમના દિવસે નિર્મળ ઉપયોગની ધારામાં જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થાય છે. જેમાં પૂર્વ ભવમાં જોયેલ શ્રી સીમંધર ભગવાનનું સમવસરણ દ્રશ્યમાન થાય છે અને ક્રમશઃ શ્રુતકેવળીઓના ટોળા, શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવની વિદેહમાં પધરામણી, પોતાની તેમજ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પૂર્વ પર્યાય અને શ્રી સીમંધરપ્રભુની દિવ્યધ્વનિમાં સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જીવ ભવિષ્યમાં શ્રી સૂર્યકીર્તિ તીર્થંકર થશે અને પૂજ્ય બહેનશ્રીનો જીવ તેમના દેવેન્દ્રકીર્તિ નામે મુખ્ય ગણધર થશે વગેરેનો અદ્‌ભુત ચિતાર તેમના જ્ઞાનવૈભવમાં સહજ ઝળકે છે.

વિ. સં. ૧૯૯૪ ના વૈશાખ વદ આઠમના દિવસે સોનગઢમાં 'સ્વાધ્યાય મંદિર'નું ઉદ્‌ઘાટન થાય છે. તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ અને સેંકડો મુમુક્ષુઓના હર્ષોલ્લાસ વચ્ચે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ હસ્તે 'સ્વાધ્યાય મંદિર'ના ગોખલામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત અમૃતકુંભ સમાન ગ્રંથાધિરાજ શ્રી સમયસારની સ્થાપના થાય છે. આ પ્રસંગે ગુરુદેવશ્રી, બહેનશ્રીને 'ભગવતી'નું બિરૂદ આપે છે.

પૂજ્ય બહેનશ્રી જ્ઞાનદશાની અંતરમાં વૃદ્ધિ કરતાં કરતાં પૂજ્ય ગુરુદેવના ધર્મ પ્રભાવના યોગમાં મહત્તમ ફાળો આપે છે. અનેક જિનમંદિરોની સ્થાપનામાં તેઓશ્રી માર્ગદર્શન આપે છે. હૃદયમાંથી પ્રવહતી જિનેન્દ્ર-ભક્તિથી અનેક પદોની રચના કરે છે. તેઓશ્રીએ શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપરના પૂજ્ય ગુરુદેવના પ્રવચનો ઝીલ્યાં તે ગ્રંથારૂઢ થયા છે. આ બધો મુમુક્ષુ જગત ઉપર તેમનો અનુપમ ઉપકાર અવિસ્મરણીય છે.

વિ. સં. ૨૦૩૩ માં બ્રહ્મચારી બહેનોએ ઝીલેલા પૂજ્ય બહેનશ્રીનાં અધ્યાત્મરસસભર પ્રવચનોમાંથી ચૂંટેલા બોલનો સંગ્રહ 'બહેનશ્રીનાં વચનામૃત' નામના પુસ્તકરૂપે પ્રકાશિત થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રી આ પુસ્તકની એક લાખ પ્રત છપાવવાની ભાવના વ્યક્ત કરે છે અને વચનામૃત પર અલૌકિક પ્રવચનો પણ આપે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના વિરહમાં ૧૦ વર્ષ સુધી સાંપ્રત મુમુક્ષુસમાજને તત્ત્વજ્ઞાન સંબંધી આપેલ અમૂલ્ય માર્ગદર્શન, એ તેઓશ્રીનો અસીમ ઉપકાર છે.

વિ. સં. ૨૦૪૧, ફાગણ સુદ ૭ ના દિને પૂજ્ય ગુરુદેવશ્રીનાં સાતિશય પ્રભાવના યોગે જિનગુણાનુરાગી પૂજ્ય બહેનશ્રીની મંગલવર્ષિની છાયામાં 'પંચમેરુ-નંદિશ્વર જિનાલય'માં શ્રી આદિનાથ, ભાવિ ભગવંત વગેરેની પ્રતિષ્ઠા થાય છે. તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં સંગેમરમર પર કંડારિત વચનામૃત બિરાજમાન કરવામાં આવે છે.

વિ. સં. ૨૦૪૬, વૈશાખ વદ ૩ ના દિવસે અરે..! કુદરત પણ જાણે બહેનશ્રીની ગુરુવિરહ વેદના સહન કરી શકતી ન હોય, તેમ શ્રીગુરુનું મિલન કરાવવા તૈયાર થઈ ગઈ ! ઘણા સમયથી નાજુક સ્વાસ્થ્ય ચાલ્યું આવતું હતું. પણ ઉપયોગ તો સ્વરૂપમાં જામતો જતો હતો. નિત્યક્રમ પ્રમાણે રાતના સૂતી વખતે બહેનો કહે : 'સુખધામ અનંત સુસંત ચહી..' સ્તુતિ બોલીએ. ત્યારે પૂજ્ય બહેનશ્રી કહે : 'તમે તમારા સુખધામમાં જાઓ, હું મારા સુખધામમાં જાઉં છું.' નિજ બેહદ સુખધામની અનંત પ્રશાંતિમાં કેલી કરવા ઉપયોગ ક્રીડા શરૂ કરે છે. બાહ્યમાં દેહનું વિસ્મરણ થાય છે. વિકલ્પો શાંત થઈને ઉપયોગને માર્ગ કરી આપે છે અને આત્મસાધનાના પંથે એક ભવ પૂર્ણ કરી ધર્માત્મા આગળ વધે છે. અવિરત વહેતી અશ્રુધારા વચ્ચે મુમુક્ષુઓના હૃદયમાંથી સરી પડે છે કે,:

**તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;**
**હો શિવપદ તક તુજ સંગ માતા હાથ ગ્રહો.**

મુંબઈ,
સોમવાર, તારીખ : ૧૬ એપ્રિલ, ૨૦૧૨
તિથિ : ચૈત્ર વદ ૧૧, વિક્રમ સંવત ૨૦૬૮

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટના
ભક્તિભાવના ભર્યા ભક્તો.